Extra No. 11
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] FRIDAY, JANUARY 2, 2026 / PAUSA 12, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરા પત્ર નં.એલ.આઈ. બી/પંચમહોત્સવ/જાહેરનામુ/૩૮૮૭/૨૦૨૫ તા.૦૬/૧૨/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: મકમ/વશી/૧૨૪૧ થી ૧૨૬૬/૨૦૧૦, તા.૧૬/૦૮/૨૦૧૦ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું**

ન.એમએજી પંચમહોત્સવ-૨૦૨૫/જાહેરનામું/વશી/૨૪૮૨ થી ૨૪૯૨ /૨૦૨૫- "પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ વંચાણે લીધેલ અ.નં.(૧) ના તા.૦૬/૧૨/૨૦૨૫ ના પત્રથી આગામી તા.૨૫/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૧૨/૨૦૨૫ સુધી અત્રેના પાવાગઢ વડાતળાવ ખાતે પંચમહોત્સવ-૨૦૨૫ ની ઉજવણી થનાર હોય, જેમાં મ્યુઝીકલ નાઈટ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ફુડ બજાર તથા એમ્યુઝમેન્ટ પાર્ક જેવા કાર્યક્રમો રાખવામાં આવેલ છે. જો વાહનો બાયપાસ ઉપર જવા દેવામાં આવે તો વડાતળાવ ખાતે ટ્રાફિકની સમસ્યા ઉભી થઈ શકે તેમ હોઈ હાલોલ તરફથી જાંબુધોડા તરફ જતાં તથા જાંબુધોડા તરફથી હાલોલ તરફ જતાં વાહનોને પાવાગઢ ગામમાં થઈ જવા દેવા તેમજ ટીંબીંથી બાયપાસ ઉપર વડાતળાવ ચોકડી તરફ તથા જાંબુધોડા તરફથી હાલોલ તરફ જતાં વાહનોને બાયપાસ ઉપરથી પસાર થવા માટે પ્રતિબંધ ફરમાવતું તા. ૨૫/૧૨/૨૦૨૫ ના ૧૭.૦૦ કલાકથી તા.૨૮/૧૨/૨૦૧૫ ના ૨૪:૦૦ કલાક સુધીનું જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત મોકલેલ છે.

સબબ, પાવાગઢ વડાતળાવ 'ખાતે પંચમહોત્સવ-૨૦૨૫ ની ઉજવણી તા.૨૫/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૧૨/૨૦૨૫ સુધી થનાર હોય કાયદો અને વ્યવસ્થા જળવાય અને ટ્રાફીક નિયમન માટે જાહેર હિતમાં ઉકત બાબત ઉપર નિયંત્રણ કરવું જરૂરી હોઈ તા.૨૫/૧૨/૨૦૨૫ ના ૧૭:૦૦ કલાકથી તા.૨૮/૧૨/૨૦૨૫ ના ૨૪:૦૦ કલાક સુધીના સમયગાળા માટે પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના વંચાણે લીધેલ અ.નં.(૨)ના હુકમથી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા. ૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજીસ્ટ્રટશ્રીની સત્તા અધિક જીલ્લા મેજીસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ હું, જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી તા.૨૫/૧૨/૨૦૨૫ ના ૧૭:૦૦ કલાકથી તા.૨૮/૧૨/૨૦૨૫ ના ૨૪:૦૦ કલાક સુધીના સમયગાળા માટે નીચે મુજબ અમલવારી કરવા ફરમાવુ છું.

(૧) હાલોલ તરફથી જાંબુઘોડા તરફ જતાં તેમજ જાંબુઘોડા તરફથી હાલોલ તરફ જતાં તમામ વાહનોને ટીંબી ચોકડી બાયપાસ ઉપર વડાતળાવ ચોકડી થઈ ધનકુવા ચોકડી થઈ જંબુઘોડા તરફ અવર-જવર કરી શકશે નહીં. તેવા તમામ વાહનો હાલોલથી ટીંબી ચોકડી થઈ પાવાગઢ ગામ થઈ ધનકુવા ચોકડી થઈ જાંબુઘોડા તરફ અવર-જવર કરી શકશે. ટીમ્બી ત્રણ રસ્તા, ધનકુવા ચોકડી તરફથી ખાનગી વાહનો બાયપાસ ઉપરથી પ્રવેશ કરી શકશે નહીં.

(૨) ઘોઘંબા બાજુથી આવતાં વાહનોને ઘોઘંબા ત્રણ રસ્તાથી પરોલી થઈ હાલોલ તરફ લઈ જવાના રહેશે.

(૩) આ પ્રતિબંધ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતા વાહનો, એસ.ટી. બસો, સરકારી ફરજ ઉપરના વાહનો, પીવાના પાણી તથા આરોગ્ય સેવાઓના ઉપયોગમાં લેવાનાર વાહનોને લાગુ પડશે નહિં અનિવાર્ય, યથોચિત પ્રસંગોના કિસ્સામાં એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી-હાલોલની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે

પંચમહાલ ગોધરા આજરોજ તા.૧૬મી/ડિસેમ્બર/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.)

**જે.જે.પટેલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

-------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.23 19:30:53 IST